ઝેરી હોવા છતાં વીંછી કે સાપ દબાયા વિના નથી જ કરડતા, જ્યારે માનવી તો વાંક વિના પણ અન્યને દુઃખ દે છે, દબાયા વિના પણ ડસે છે. કારણ વિના પણ અન્યને વિનાશમાં ધકેલે છે.

રૂપાનુરાગ તજી દઈએ; ગુણાનુરાગ સેવી લઈએ.

પોતાની મહત્તા ઈશ્વર કરતાંય વધુ છે, એમ જણાવી પૂજાવા મથનારનો રોગ લાંબો સમય ચાલતો નથી.

મઝધાર નહિ, છલકાવ નહિ, કરમાવ નહિ એવું ઓજસ જગતમાં બેનું છે એક સાગરનું અને બીજું સાગર દિલ સંતનું.

સંન્યાસી બનો સ્વાર્થ સાધનાર કરતાં સંસારી રહી પરમાર્થ કરનાર વધુ વંદનીય છે.

પોથીમાંનાં રીંગણાંની જેમ ઉપદેશ જ કરો, ને જીવનમાં તો કાંઈ આચરવું નહિ એ સાચા આચાર્ય માટે શોભારૂપ નથી.

આચરણનું અભિમાન આચરણ બગાડે.

સંયમ અને સંતોષને નેવે મૂકીશું તો, મેળવેલું અનંત હશે તોય અંત આવી જશે.

ખૂબ મળે, છતાં જેની નજર દુઃખી બાજુઓ ભણી ન વળે એનું મેળવેલું ક્યાંથી ફળે?

દર્પ એટલે ગુમાન, કંદર્પ એટલે કામ વાસના. જીવન બગીચાના આ બે મોટા સર્પ છે.

સંસ્થાપક થવું સહેલું, વ્યવસ્થાપક બનવું અઘરું.

ખરચવાનો અવસર આવે ત્યારે આદતને નહિ-આવશ્યકતાને અનુસરજો.

જીવની આંખમાં વહેમ વસે, શિવની આંખમાં રહેમ વસે

ધર્મનિષ્ઠા, અનુભવ, સાધના અને આત્મવિશ્વાસને આધારે જીવન ડગ ભરે એ જીવન વિજયી નીવડે.

જેનું હૃદય સદય, એનો ઉદય નક્કી.

એકાદ આવડતના ભાનવાળો ખંતપૂર્વક કામ કરીને મેદાન મારી જાય છે.

...હેવાની વાત કરી ન શકે એવા ગરમ ન બનવા.
...લિતન્ત ભૂલાઈ જાય એવા ભાગ્યા ન થવા.
...ભિમાની બનો ન ઢાકર એવા અનાડી ન થવા.
...ક થાની જાય એવા નબીર ન બનવા.
...ઈ બનાવી જાય એવા ઘેલા ન બનવા.
...ક અડકાઈ જાય એવા મોળા ન બનવા.
...ઈ નચવી જાય એવા વાંકા ન બનવા.
...ભ્યા પછી મહાત્મા વર્ગને પ્રકાર અને સંપૂર્ણ
...પ્રકાર એની હિંમત કમાર.
...ન્દ્રાન ચતુરાઈમાં મૂકી દેવી જોઈએ.

સંયમ અને સંતોષને નેવે મૂકીશું તો, મેળવેલું અનંત હશે તોય અંત આવી જશે.

ખૂબ મળે, છતાં જેની નજર દુઃખી ભાંડુઓ ભણી ન વળે એનું મેળવેલું ક્યાંથી ફળે?

દર્પ એટલે ગુમાન, કંદર્પ એટલે કામ-વાસના. જીવન–બગીચાના આ બે મોટા સર્પ છે.

સંસ્થાપક થવું સહેલું, વ્યવસ્થાપક બનવું અઘરું.

ખરચવાનો અવસર આવે ત્યારે આદતને નહિ-આવશ્યકતાને અનુસરજો.

જીવની આંખમાં વહેમ વસે, શિવની આંખમાં રહેમ હસે.

ધ્યેયનિષ્ઠા, અનુભવ, સાવધાની અને આત્મવિશ્વાસને આશરે જીવન-ડગ ભરે એ જીવન વિજયી નીવડે.

જેનું હૃદય સદય, એનો ઉદય સદાય.

ઓછી આવડતના ભાનવાળો ખંતપૂર્વક કામ કરીને મેદાન મારી જાય છે.

...સ કે વેશની નહિ; કિંમત તો, વિચાર અને વર્તનની છે

...-જી-હા કરે તે નહિ, ફરજ બતાવનારો કટુવચન

કહે એ જ સાચો મિત્ર.

ઉદાર જરૂર બનો, ઉડાઉ કે ઉધાર નહિ.

કરકસરિયા જરૂર બનો પણ કૃપણ કે કંજૂસ નહિ.

કર્તા મટી જાવ, કર્તવ્યમાં દટાઈ જાવ, ઉિસ્તાર મળશે જ મળશે.

સેવા અને સ્નેહમાં લૂંટાઈ જાવ એ સર્વેશ્વરનો સ્વજન બની જાય.

અંગતાપણી ભોજન નહિ ભાવે.

અનંગતાપણી ભજન નહિ જામે.

પોતાના જ પેટની ચિંતા કરે તેનું નામ પશુ.

અન્યના ઉદરની કાળજી કરે તેનું નામ માનવી.

પોતાની ઉપર પોતાનો કાબૂ ઉન્નતિ આપે, પારકાનો કાબૂ અવનતિ આપે.

પરોપકાર કરે તે નહિ,
પરોપકાર કરીને મૌન સેવે તે મહાન છે.

વેરનું મારણ વેર નહિ, પ્રેમ છે.

આશા ભલે અધૂરી રહે,
આશાનો આધાર ન તૂટે એ જો જો.

સેવામાં અને સહેવામાં નિર્મળતાનો વાસ છે.

પોતાની દશ ઇન્દ્રિયોને કાબૂમાં રાખી જીવનરથને પ્રગતિશીલ બનાવનાર સંયમમૂર્તિ એટલે દશરથ. પોતાની દશ ઇન્દ્રિયોને બે-લગામ રીતે વાસનાનું સાધન બનાવી જીવનરથને અવનતિની ખાઈમાં ગબડાવનાર વાસનામૂર્તિ એટલે દશમુખ-રાવણ. દશરથને આંગણે બાળરૂપે આવનારો રામ દશમુખને દ્વારે કાળરૂપે આવે.

મદદ કરે, પરંતુ મદ ન કરે ને મૌન સેવે તેનું નામ મહાનુભાવ.

સદા સૌની ઉપર રાજી—તેના ઉપર નારાયણ પણ રાજી.

ચિતનશીલને ચિતા સતાવતી નથી.

વિશુદ્ધ જીવન માટે વિશુદ્ધ મન જોઈએ.
વિશુદ્ધ મન માટે વિશુદ્ધ અન્ન જોઈએ.
વિશુદ્ધ અન્ન માટે વિશુદ્ધ કામ જોઈએ.
બીજાના પેટ—ગુજરાને કશી આંચ ન આવે એવી
ચીવટ રાખીને જ પુરૂષાર્થ કરવો.

કામના હેટલો વિશુદ્ધ, પરિશ્રમ એટલો પવિત્ર.
જીવવા માટેનો પરિશ્રમ પવિત્ર.
મોજશોખ માટેનો પરિશ્રમ અપવિત્ર.
સેવા માટેનો પરિશ્રમ ધર્મયુક્ત.
સ્વાર્થ માટેનો પરિશ્રમ અધર્મયુક્ત.

સંતો ભટકતા રહે છે—
દુનિયાને ભટકવું ન પડે તે માટે.
સર્વત્ર સમદૃષ્ટિથી જોતી અને સર્વમાં સર્વેશ્વર નિરખી-
ને સર્વ સાથે સદ્ભાવથી વર્તતી માનવતા જ
જીવનશાંતિની જનેતા છે.

ગુણગ્રાહક હોય તે લોકહૃદયનો સ્વામી બને.

સંગ અને ખર્ચ નામના બે પાટા મજબૂત અને વ્યવસ્થિત હશે તો જ જીવનગાડી સરળતાથી ચાલશે. બાકી સંગનો પાટો ઢીલો પડતાં દુર્માર્ગગામી થવાયું હશે અગર ખર્ચનો પાટો શિથિલ થતાં ઉડાઉ બની જવાયું હશે તો જીવનગાડીને ઉથલી પડતાં વાર નહિ લાગે. એ ગાડીને નિર્ભય બનાવવી હોય તો બે પાટાનું ધ્યાન રાખવા માટે વિવેકરૂપી ચોકીદાર રાખો.

માનવતા વિરૂદ્ધ વર્તનારના જીવનમાં સાચાં સુખ-શાંતિની કલ્પના આકાશકુસુમ જેવી મિથ્યા છે.

જીવન-સુવાસ પ્રસારવાનો ઉત્તમ કાળ જુવાની છે.

કસોટીની સરાણ પર ચઢ્યા વિના,
શાણપણ નહિ આવે.

વિદ્યાર્થી બનીને વ્યસનમાં અટવાય



ગુણગ્રાહક હોય તે લોકહૃદયનો સ્વામી બને.

સંજ અને ખર્ચ નામના બે પાટા મજબૂત અને વ્યવસ્થિત હશે તો જ જીવનગાડી સરળતાથી ચાલશે. બાકી સંજનો પાટો ઢીલો પડતાં દુર્માર્ગમાંથી થવાનું હશે અગર ખર્ચનો પાટો શિથિલ થતાં ઉડાઉ બની જવાનું હશે તો જીવનગાડીને ઉથલી પડતાં વાર નહિ લાગે. એ ગાડીને નિર્ભય બનાવવી હોય તો બે પાટાનું ધ્યાન રાખવા માટે વિવેકરૂપી ચોકીદાર રાખો.

માનવતા વિરુદ્ધ વર્તનારના જીવનમાં સાચી સુખ-શાંતિની કલ્પના આકાશકુસુમ જેવી મિથ્યા છે.

જીવન-સુવાસ પ્રસારવાનો ઉત્તમ કાળ જુવાની છે.

કસોટીની સરાણ પર ચડ્યા વિના,
શાણપણ નહિ આવે.
વિદ્યાર્થી બનીને વ્યસનમાં અટવાય
તો. સરસ્વતી

ઈશ્વરની કૃપાને આધારે, અનેક મુશ્કેલીઓનો સામનો કર્યા પછી, અમૃતબિંદુ ૧ થી ૫ પ્યાલાનો એકત્ર સંગ્રહ આપના કરકમળમાં મૂકી શકાય છે. તે આનંદની બીના છે.

સંગ્રહ તૈયાર કરતી વખતે, તેને અધિક સુંદર બનાવવા માટે, આવશ્યક ફેરફાર કર્યો છે, આશા છે, એ આપને ઉચિત જણાશે.

નૂતન વર્ષાભિનંદન પાઠવવા માટે મોકલાતાં કાર્ડ કવર શુભેચ્છાની નોંધ લેવાયા પછી ફેંકી દેવાય છે, જ્યારે નવા વર્ષના શુભેચ્છાસંદેશ સાથે ઓછા ખર્ચથી મોકલી શકાતો, ૩૨ પાનાં અને બત્રીશો વધુ સુવિચાર સાથેનો આ ઓછા ખર્ચવાળો સુવિચાર-સંગ્રહ નિત્ય મનનના રસવાળાં ભાઈ બહેનોના હાથમાં



અમૃતકુંભ

પ્રયાગતીર્થની જેમ, આપણું જીવન પણ જ્ઞાન, ભક્તિ અને કર્મના સુભગસંગમ-શા ત્રિવેણી-તીર્થસમું પાવનકારી બની રહો.

શરીરને નિરોગી રાખવા "કમ ખાવ."
મનને નિરોગી રાખવા "ગમ ખાવ."

દેવલોકના કલ્પવૃક્ષ જેવું, ઈચ્છા મુજબ મેળવી આપનારું માનવીઓનું કલ્પવૃક્ષ એટલે સંકલ્પબળ.

અશક્યને શક્ય બનાવવાનું, ને ઉજ્જડ વેરાનમાં ઉદ્યાનની પ્રફુલ્લતા પ્રસારવાનું સામર્થ્ય દૃઢ-નિશ્ચયીના સંકલ્પબળમાં સમાયું છે.

…હ વિનાનું સમર્પણ લેનાર કે દેનાર કોઈને શાંતિ આપતું નથી.

ઉપભોગમાં વિવેક નહિ હોય તો જીવનમાં અતિરેક ઉભરાશે.

મેળવજો નીતિથી, વાપરજો પ્રીતિથી, ભોગવજો રીતિથી.

કર્તવ્યની વેદી પર બલિદાન દેવાની પ્રેરણા આપનાર પિતા એટલે ધર્મ.

જીવમાત્રની પીડ હરનારી માતા એટલે શાંતિ.

સર્વને સમભાવથી સંબોધનાર ગુરુદેવ એટલે જ્ઞાન.

સૃષ્ટિ માત્રના અસ્તિત્વનો એક માત્ર આધાર સ્તંભ એટલે પ્રેમ.

વ્યાધિ હટાવવા શરીર સાફ રાખો.

ઉપાધિ ટાળવા વ્યવહાર સાફ રાખો.

ક્ષણે ક્ષણે સ્વ સ્થિતિનું ભાન એ જ ભગવદ્દર્શનનું અનુસંધાન.

હિતની વિમલતા અને કાળજાની કોમળતા હોય તો જ રૂપુ બને.

સ્ત્રીઓને સહિત ન આપવા તો કંઈ નહિ, સહિત તો ન જ આપેલ.

વ્યાપારોની દશ્યાવલીમાં તો, માનવી કરતાં પશુ વધે! સ્વચ્છાર પરના અતરમ જ અનવરૂપ બને છે.

અશ્લ ન વિચાર અને દરજ્જ કરવામાં કે નાટક-સિનેમાના ગાયોને..પરંતુ આવીના જ વિચાર તો, ચારિત્ર્યના દર્શન કરવામાં, સર્વક અંકવાય દરદીના સ્વજન બનીને વદનમાં આંસુ લુછવામાં, એને ઉપ કરપન આપે એવા મીઠા બે બોલ કહેવામાં અને એના જીવનની અંકવા આગવી કરવામાં જ આપીને તો કયું સારું ?

નાટકનું દરશ અનત સિનેમાના સીન આપણા જીવનમાં ઉપયાની થવા માટ જરાય નહિ ટકે. જ્યારે ઉચિત ગામમાં દીઠેલું માનવીની મજૂરીનું દરશ અને અનુ ભરેલી માનવતાની કરુણામય ભાવના આપણા જીવનને મનરમ્ય બનાવવા માટે વિરંજન બનીને ટકશે.

સ્નેહીને સંતોષ ન અપાય તો કંઈ નહિ, સંકોચ તો ન જ આપશો.

વફાદારીની ટકાવારીમાં તો, માનવી કરતાં પશુ વધે !

સ્વભાવ પરના અસંયમ જ અનર્થરૂપ બને છે.

એકાદ બે રવિવાર ભલે હરવા ફરવામાં કે નાટક-સિનેમામાં ગાળીએ...પરંતુ બાકીના બે રવિવાર તો, હોસ્પિટાલનાં દર્દીને જોવામાં, કોઈક એકલવાયા દર્દીના સ્વજન બનીને વેદનાનાં આંસુ લૂછવામાં, એને હૈયા ધરપત આપે એવા મીઠા બે બોલ કહેવામાં અને એના જીવનની એકલતા અળગી કરવામાં જ ગાળીએ તો કેવું સારું ?

નાટકનું દૃશ્ય અગર સિનેમાના સીન આપણા જીવનમાં ઉપયોગની ચરા માટે જરાય નહિ ટકે. જ્યારે હોસ્પિટાલમાં દીઠેલું માનવોની મજબૂરીનું દૃશ્ય અને અનુભવેલો માનવસેવાની કરૂણામય ભાવના આપણા જીવનને મંગલમય બનાવવા માટે ચિરંજીવ બનીને

ગુણગ્રાહક હોય ને લોકહૃદયનો સ્વામી બને.

ધર્મ અને અર્થ નામના બે પાટા મજબૂત અને વ્યવસ્થિત હશે તો જ જીવનગાડી સરળતાથી ચાલશે. જો ધર્મનો પાટો ઢીલો પડતાં દુર્માર્ગગામી થવાયું હશે અગર અર્થનો પાટો શિથિલ થતાં ઉડાઉ બની જવાયું હશે તો જીવનગાડીને ઉથલી પડતાં વાર નહિ લાગે. એ ગાડીને નિર્ભય બનાવવી હોય તો એ પાટાનું ધ્યાન રાખવા માટે વિવેકરૂપી ચોકીદાર રાખો.

માનવતા વિરુદ્ધ વર્તનારના જીવનમાં સાચાં સુખ-શાંતિની કલ્પના આકાશકુસુમ જેવી મિથ્યા છે.

જીવન સુધારવા પ્રયાસનો ઉત્તમ કાળ જુવાની છે.

કસોટીની સરાણ પર ચઢ્યા વિના,
શાણપણ નહિ આવે.

વિદ્યાર્થી બનીને વ્યસનમાં અટવાય

સેવા કાજે ફના થવાની ફકીરી જ ફોરમ ફેલાવશે.

બાપુએ કહ્યું, "પ્રભુનું સ્મરણ તો, મારે મન શ્વાસ અને પ્રાણ સમું છે.

દુઃખીને દિલાસો દેવો એ વાણીનો સદ્‌વ્યય છે. દુઃખીને દૂભવવો એ વાણીનો દુર્વ્યય છે.

કોઈની માગણી પુરી ન કરી શકાય એમાં કોઈ અપરાધ નથી. પરંતુ કટુ વાણી વડે કોઈનું દિલ દૂભાય એ ઘોર અપરાધ છે.

આપણું આચરણ આફતગ્રસ્તોને આશ્વાસન અને આપ્તજનોને સંતોષ આપનારું નીવડે તો જ આપણું જીવ્યું સાર્થક.

વાપરવાની આવડત વિનાના માનવી હાથમાં આવેલી લક્ષ્મીની જેમ અસંયમીના જીવનમાં આવેલી જુવાની અનેકવિધ અનિષ્ટની જનેતા બની જાય છે.

પ્રેમનું ગૌરવ સામાને વશ કરવામાં નહિ, એને વશ થઈને એનું હિત સાચવવામાં સમાયું છે.

સંસ્કાર જ પારસમણિ બનીને દુર્જનના દુર્ગુણને સદ્‌ગુણમાં પલટાવી દે છે

મહાપુરુષની મહોબત માણીને પણ મૂલ્યવાન અને મહાન બનાવે છે.

કોઈનીય મોરલાની પીંછાને બદલે કર્તવ્યનિષ્ઠાને પોતે જ ભેટી જશને? એને પોતે પ્રેમ હશે તો કિરતાર પોતનો આવશે.

પ્રત્યેક ચીજને અંતરની આંખથી જુઓ, ચામડાની આંખથી નહિ.

રડી ગયું એને ભરવા કહીએ.
ન મળ્યું એને મળવા કહીએ.
ભારી પડ્યું એને અપનાવી લઈએ.
કે ઉતાવળ તો ન જ કરીએ.

જો દરેક અવસર વાટે અનુકૂળ બનીને કર્તવ્યપથ પર ઊભા રહીશું, તો, જગત વંદન કરશે, ને ઈશ્વર અભિનંદન કરશે.

આફતમાં અટવાયેલાંને અંતરનું આશ્વાસન આપી
નિરાંતની નિંદરમાં સુવાડી શકે એવા કર્મવીરના
દર્શનની ઝંખના કિરતાર પણ સેવે.

અન્ય કાજે ફના થવામાં કૃતકૃત્યતા માણે એના
ચરણ આગળનાં જીવન પણ ધન્યતા અનુભવે.

જેના જીવન નાવ પાસે ચારિત્ર્યનું છે સુકાન એ જ
સાચા યુવાન.

જે દઈ શકે માનવતાને કાજે જીવનનાં દાન,
એની ભાવનાને વંદી રહે ભગવાન.

પ્રચંડ તોફાનની ય તાકાત શી કે જીવનના ઝંઝાવાત
સામે મુસ્કાન કરતા યુવાન સામે ટક્કર ઝીલે?

યૌવન તો વર્ષા—ઋતુ છે.
એ વર્ષા-ઋતુમાં વહી જતા જીવન-વારિને સંયમની
પાળ બાંધી વાળી નહિ લઈએ, તો વસંતની બહાર
નહિ આવે.

પેટ ખાલી રાખજો, હૃદય શુદ્ધ રાખજો ને મન સ્વચ્છ રાખજો. તો, આરોગ્ય સચવાશે, આનંદ જળવાશે ને આયુષ્ય લંબાશે.

સર્વેશ્વરને સર્વમાં નિરખીને પ્રત્યેકને સાનુકૂળ થઈ સેવામય જીવન જીવી જવું એનું નામ કર્મયોગ.

અનાજને ઓછું દેજો પણ આસક્તિની લાળથી દૂર રહેજો.
નહિ તો હરણું અને ભરત જેવી દશા થશે.

પેટ ખૂબ ભરાય ત્યારે આળસ જાગે.
પેટી ખૂબ ભરાય ત્યારે શત્રુ જાગે.

પુરુષાર્થી અને પરમાર્થીમાં પરમાત્માનો અંશ છે.
આળસુ અને આપરખામાં શયતાનની છાયા છે.

હૃદય—તિજોરીનું બારણું તો ઉઘાડો?
એમાં સદ્‌વિચારનું હીર છે, કે દુર્વિચારનું કથીર?

વાણીમાં વિનય, હૃદયમાં ધૈર્ય, શરીરમાં વીર્ય, હાથેથી દાન અને મુખે હરિનામ—એ છે ભવજળ તરવાનાં

સમ્રાટ બનવું છે? તો
[illegible] નિરાશ ન વાસ્તિઓના મુગટ
શિર પર ધારણ કર.

પરનારીઓના અંગ પર નજર પડે ત્યારે, વાત્સલ્ય વરસાવતી માતા, ભ્રાતૃત્વ વરસાવતી ભગિની અને નિર્દોષતા છલકાવતી દીકરીના દર્શન કરજો.

સ્વપ્નવત્ સંસારમાં મલકાવું શાને, છલકાવું શાને. અકળાવું શાને?

પુણ્ય પામવું છે? તો પાપથી બચો. પાપથી બચવું એ પુણ્યની કમાઇ છે.

પાપી નહિ, પાપ ધૃણાસ્પદ છે. પતિતપાવન ભગવાન પાપને પ્રજાળે છે, પાપીને તારે છે.

ટીકા કરવાથી નહિ, સામાને સમજાવવાનું શાંતિમય તપ કરવાથી જ માનવોને સુધારી શકાય.

દરિદ્રનારાયણના પરમાત્મતત્ત્વની પ્રત્યક્ષ સેવા કરીને
પાવન થયું છે? તો જુઓ, જીવનમાં દીન, દુઃખી
દર્દી, અનાથ કે વિધવાના રૂપમાં એ આપની સેવાની
રાહ જ જુએ છે.

સઘળું સર્વેશ્વરનું છે. આપણે તો એના વહીવટદાર
—મુનીમ જ છીએ.

પરોપકારથી પ્રાપ્ત કરેલો પરમાનંદ પરોપકારની
બડાઈભરી વાત કરવાથી વણસી જાય છે.

અન્યનું અંતર કચવાય એવું વર્તન ના કરીએ.

અન્યને માટે આફતના ઉકળાટ જેવા નહિ, ઉકળાટ
સમયના વાયુ-વીંઝણા જેવા બનીએ.

વિરોધ કરતા તો સૌને આવડે...પરંતુ, અનુકૂળ થતા
અને અનુકૂળ બનાવતાં વિવેકીને જ આવડે.

"મારું કોઈ નથી" એમ કહીએ છીએ ત્યારે કૃપાનિ
ભગવાનને બહુ માઠું લાગે છે.

કાર્યના આરંભમાં કષ્ટ સહે એને જ ઈષ્ટ મળે.

જે કામમાં જોખમ નથી એ કામમાં જવાહીર શું?

ઉત્તમ વસ્તુ ઉપભોગ માટે નહિ અર્પણ માટે, વિનિયોગ માટે, અન્યના ઉપયોગ માટે છે.

જેનું અંતર સાફ નથી, રુવાબ વિના જેની કશી વાત નથી, એનાં કુકર્મોને કોણ માફ કરે?

અભયદાન અને આશ્વાસનદાન, આ બેય જગતનાં મોટામાં મોટાં અને સહેલામાં સહેલાં દાન છે.

પરપીડા હરવા માટે વિપ્ર વિદ્વાન વર્ગ તપ આદરે,
ક્ષત્રિય—બળવાન વર્ગ પ્રાણ પાથરે, વૈશ્ય વ્યાપારી વર્ગ
વિત્ત વાપરે અને શૂદ્ર-સેવક વર્ગ જાત જોતરે.
માનવસંસ્કૃતિની ઈમારતના આ ચારેય આધાર સ્તંભોની
ઊંચાઈ—યોગ્યતા એક સરખી જ છે.

પ્રીતિ પરિણામ સાથે નહિ, પરિશ્રમ સાથે રાખજો.
પરિણામ તો સામેથી પ્રીત કરતું આવશે.

સેવાધર્મમાં પ્રવૃત્ત થવાની પ્રેરણા આપે એનું નામ પરમાત્મા. એ પ્રેરણાને વફાદાર બનીએ. પૂજા પહોંચી જશે.

ઓગણે આવેલ લક્ષ્મીને જાકારો દેવામાં દુરાગ્રહ અને દુરાચાર મુખ્ય છે. આપના જીવનપ્રદેશમાંથી એ બે દુષ્ટતત્ત્વોને જાકારો દો. તો, લક્ષ્મી હરખાતી આવશે અને હરખછોળથી છલકાતી આપના ગૃહપ્રદેશમાં જ વસશે.

મોટાના ગુણ જોજો ને જીવનમાં ઉતારજો.
બરોબરિયાના ગુણ પણ જોજો, અવગુણનું પણ ધ્યાન રાખજો ને વિવેકપૂર્વક વર્તજો.
નાનાના અવગુણ જોજો ને માર્ગદર્શન આપજો.

આત્મીયના ભોગે અન્યને ઉન્નત બનાવવાની વૃત્તિ અગર પ્રવૃત્તિ એટલે ધર્મ. અને અન્યના ભોગે આત્મીયનો ઉત્કર્ષ સાધવાની વૃત્તિ અગર પ્રવૃત્તિ એટલે અધર્મ.

મનનો ભાર ઉતારનારું મુખ્ય સાધન એટલે કથા. અંતરમાં ધગધગતી ઉદ્વેગની આગ કથામાં ઊંડા સત્સંગ-ફુવારાથી બુઝાઈ જાય છે.


આજના વેગમાં નગુણાનો ઘરાક મટી જાય છે, ને વાટ થઈ જાય છે.

સુવિચાર ને આચાર બનાવી જીવન જે ઝુકાવે, એ સર્વ રીતે ફાવે.

દેશ, સમાજ અને સંસ્કૃતિ ઉન્નત બને એવી પ્રવૃત્તિ એટલે ધર્મ. અવનત બને એવી પ્રવૃત્તિ એટલે અધર્મ.

જે દેશ કે સમાજના સામાન્ય જીવનમાંથી પીડિતસેવાની ભાવના તેમજ હિતાહિતનો વિચાર કરનારી વિવેકબુદ્ધિનો લોપ થાય છે, એ દેશ અગર સમાજને કોઈ બચાવી શકતું નથી.

મારું વર્તન અન્યના અંતરને આરામ ન આપે તો, મને મારો રામ ક્યાંથી મળે?



...રન આવે ત્યારે ચારિત્ર્યનું રક્ષણ કરજે.
...ના આવે ત્યારે શ્રામણ્યનું રક્ષણ કરજે.

...ન્દ્રિયનું દમન કરો નહિ તો ઐક્ટરને નમન કરવું
...શે.

...પ્રમાદી કદી પ ત ન થાય.
...થાય તોય જીવનનો તો લ્હાવ જ થાય.

...પ્રભુને સાક્ષી ભક્તિપૂર્વક વેચાઈ જવું,
...એ અચૂક અપનાવી લેશે.

...સંગ્રહવૃત્તિમાંથી દુરાગ્રહ જન્મે.
...દુરાગ્રહ વિગ્રહ જન્માવે.
...વિગ્રહ વિનાશના દાવાનળ પેટાવે.
...એમાંથી બચવા માટે અપરિગ્રહી અનાગ્રહી બનીએ.

...મોટે ભાગે વિજય પછી ઉન્માદ અને પ્રમાદ આવે છે.
એ વખતે જે શાંત, સાવધ અને કર્તવ્યશીલ રહે તેનો
વિજય લાંબો ટકે.

[illegible] ન નહિ, પગારે તે મહાન.

નાનું દાન, અભિમાનથી મોટી જ ગણાવે
અભિમાનથી માની [illegible] તો, [illegible] આપમેળે મોટું છે

અભિમાનમાં [illegible] નહિ, તેને જ માન મળે એ
[illegible]

માનવ [illegible] રચનાની કે પતનની વાતો આપણા
[illegible]માં ૭

પ્રિયવચન નહિ, હિતવચન ગમવું જોઈએ.
પ્રિય કહેનાર પાચનો મળશે, હિતકર તો કોઈક જ હશે

ચમાર હોય કે ચમરબંધી, વાતનાના બીમાર ન હોય
એ જ સર્જનહારનો નિયમ.

ગમે તેવા વિષમ પ્રસંગે પણ અંતરના આવેશો ન જ
ખાવા દેવાય.

પરીક્ષામાં ઉતાવળે આપેલો ઉત્તર નાપાસ કરે.
સમાજમાં ઉતાવળે આપેલો અભિપ્રાય નાશ કરે.

યોગ્યતાનું અભિમાન આવે ત્યારે અધિક યોગ્યતા-
વાળાને યાદ કરીએ. જીવનમાં ઓછું આવે કે હતાશા
અનુભવાય ત્યારે ઓછી શક્તિ—સંપત્તિ ધરાવનાર
ભણી નજર કરીએ.

કર્તવ્યનો તાપ સહે એની પ્રતિભામાં પ્રતાપ રહે.

પ્રાતઃકાલ, મનનો ઉત્સાહ, ને અંતરની આશિષ આ
ત્રણ ઉત્તમ મુહૂર્તો છે.

માબાપ અને સંતની આશિષ,
સંપત્તિ અને સન્મતિ બેય આપે.

મોહ પર વિજય મેળવે,
એ સમષ્ટિ પર સામ્રાજ્ય સ્થાપી શકે.

હાથમાં મશાલ રાખી પ્રકાશ વેરનાર મશાલચી અંધ
અટવાઈ ઠોકર ખાય છે, એ રીતે જ્ઞાનનો ઘમંડી પ્ર
માર્ગે અટવાય છે ને ઠોકર ખાય છે.

ઈશ્વરની કૃપા મેળવવાની ચાવી, આદર માટેની
અનિચ્છા ને સન્માન સમયની નમ્રતામાં સમાઈ છે.

પરોપકારની પ્રવૃત્તિમાં જેટલા શ્વાસ ખર્ચો એટલી
જ જીવનની કમાઈ.

સંતાન સદાચારી બને માતાના પુણ્યથી,
ચતુર બને પિતાના પુણ્યથી,
ઉદાર બને કુળના પુણ્યથી,
ભાગ્યવાન બને, આત્માના પુણ્યથી.

જીભનું મૌન એ સાચું મૌન નથી.
મનને પણ મૌનની દીક્ષા આપવી જોઈએ.
મનનું મૌન એટલે ઈચ્છાનો અભાવ.

પ્રભુના પયગંબર સમાં બાળકોને વાડી [illegible], મા
ભાગવા, કે મોટાં એન્કમેન્ટનો વારસો ન આપતા
[illegible], પરંતુ, એ વિપત્તિ ઉન, સંસ્કારિ [illegible]
સ્નેહ ન બને એટલું તો [illegible]

કુદરતી આફત, દેશની કટોકટી વખતે પ્રસંગો આપતી અપીલો.

સદ્‌વિચાર પ્રકાશન:

સ્વજનની સ્મૃતિમાં, કે સેવાના પ્રતીકરૂપે વહેંચી શકાય તેવી, 'મનની કેળવણી' 'આવતી કાલના નાગરિકોને,' 'સુવાક્યબિંદુ' જેવી પુસ્તિકાઓનું પ્રકાશન.

શ્રી. વિવેકાનંદ કેન્દ્ર:

સ્વામી વિવેકાનંદ જન્મશતાબ્દી નિમિત્તે તા. ૧૭-૩'૬૩ના રોજ ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રીના વરદ્ હસ્તે સમિતિએ શ્રી. વિવેકાનંદ કેન્દ્રની સ્થાપના કરી. તેની ભાવિ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે:-

કૉલેજના વિદ્યાર્થીઓમાં ઉચ્ચ વિચારોનું સંસ્કાર-આંદોલન જગાડવા માટે નિબંધ સ્પર્ધા. વક્તૃત્વ સ્પર્ધા, અભ્યાસલક્ષી ને પ્રેરણાદાયી પ્રકાશનો, મહાપુરુષોનો જીવનસંદેશ ઝીલવા જયંતીઓની ઉજવણી, વિશિષ્ટ વ્યક્તિઓનાં પ્રવચનો, વિવિધ વિષયો પરત્વેનાં અભ્યાસવર્તુળ, સભ્યો માટે પ્રેરણાદાયી વાચિકનું ..ન, વાચનાલય, પુસ્તકાલય, માનવકલ્યાણની આપતી વ્યાખ્યાનમાળા.

કુદરતી આફત, દેશની કટોકટી વખતે પ્રસંગો
આપતી અપીલો

સદ્‌વિચાર પ્રકાશન:

સ્વજનના સ્મૃતિમાં, કે સેવાના પ્રતીકરૂપે વાંચી શકાય તેવી, 'મનની સ્વચ્છતા' 'આજના કાળના નાગરિકો,' 'સુવાબિંદુ' જેવી પુસ્તિકાઓનું પ્રકાશન.

શ્રી. વિવેકાનંદ કેન્દ્ર:

સ્વામી વિવેકાનંદ જન્મશતાબ્દી નિમિત્તે તા. ૧૭-૩-'૬૩ના રોજ ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રીના વરદ હસ્તે સમિતિએ શ્રી. વિવેકાનંદ કેન્દ્રની સ્થાપના કરી. તેની ભાવિ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે:-

કૉલેજના વિદ્યાર્થીઓમાં ઉચ્ચ વિચારોનું સંસ્કાર-આંદોલન જગાડવા માટે નિબંધ સ્પર્ધા. વક્તૃત્વ સ્પર્ધા, અભ્યાસલક્ષી ને પ્રેરણાદાયી પ્રકાશનો, મહાપુરુષોનો જીવનસંદેશ ઝીલવા જયંતીઓની ઉજવણી, વિશિષ્ટ વ્યક્તિઓનાં પ્રવચનો, વિવિધ વિષયો પરત્વેનાં અભ્યાસવર્તુળ, સભ્યો માટે પ્રેરણાદાયી વાચિકનું
વાચનાલય, પુસ્તકાલય, માનવકલ્યાણની
ની વ્યાખ્યાનમાળા.